SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# સ્ત્રી સશક્તિકરણ વિશે ડૉ. બાબા સાહેબ આંબેડકરજીના વિચારો

ડૉ. જસ્મીના એચ. સારડા


- ***સારાંશ:-***

*ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સમગ્ર વિશ્વમાં ભારતીય બંધારણના ઘડવૈયા તથા દલિત મુક્તિદાતા તરીકે પ્રખ્યાત છે. આ ઉપરાંત તેમણે સામાજિક સુધારણા ની ભૂમિકાણ ભજવી હતી. તેમણે બંધારણીય રીતે લોકોના ખરા અર્થમાં લોકતંત્રનો અનુભવ કરી અને સ્ત્રીઓને સમાનતાના હકો આપી તેમના અસ્તિત્વને ટકાવી રાખવામાં મદદ થયા છે.*

*સદીઓથી સ્ત્રીઓ જે પીડા વેઠી હતી. તેની સામે અવાજ ઉઠાવવામાં મદદરૂપ થવાના બાબાસાહેબ હિમાયતી કરી હતી. રાજા મોહનરાય,જ્યોતિબા ફુલે,દયાનંદ સરસ્વતી,ગાંધીજી જેવા સમાજ સુધારો કોની રાહ ચાલીને સ્ત્રીઓની શિક્ષણ શિક્ષિત તેમજ પોતાના હકોની રક્ષા કરવા માટે પ્રેરણા આપી હતી. હિન્દુકોડબીલ ને રજૂ કરીને તેમને સ્ત્રીઓને સશક્ત બનાવવા અથાગ પ્રયાસ કર્યા હતા.*

*આજે ભારતીય સમાજમાં સ્ત્રીઓ સમાનરૂપે પોતાનો અધિકાર ભોગવી રહી છે.તેના ડોક્ટર બાબા સાહેબ જેવા વિચારશીલ નેતાઓના ફાળો એટલો જ મહત્વનો છે. આજ એના જન્મદિવસ એ સ્ત્રીઓને હક આપવા બદલ તેમને વંદન કરી ને વીરવું છું.*



- ***ચાવીરૂપ શબ્દો***

*સ્ત્રી સશક્તિકરણ, માતૃદેવી, શાસ્ત્રાર્થ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જ્યોતિબા ફુલે, હિન્દુકોડબીલ, મહારાજા સયાજીરાવ ગાયકવાડ, સ્ત્રી મુક્તિ, લોકમત બિલ,*


- **પ્રારંભ**

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ભારતીય બંધારણ ઘડવૈયાઓમાના એક તેમજ સમાજ સુધારક નેતા તરીકે પ્રખ્યાત છે. તેમણે અસ્પૃશ્યતા નિવારણમાં તેમજ સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારતીય સંસ્કૃતિના પરંપરાગત હારને સમજી તત્કાલીન સમાજના પરિવર્તન કરવા માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. તત્કાલીન સમાજ વ્યવસ્થામાં દલિતો તથા સ્ત્રીઓની જે કરુણા જનક સ્થિતિ હતી તેને સુધારવા માટે ડોક્ટર આંબેડકર સાહેબે મહત્વની ભૂમિકા ભજવી હતી.પ્રસ્તુત સંશોધન પત્રમાં ડોક્ટર આંબેડકરજી દ્વારા સ્ત્રી સશક્તિકરણ ના જે પ્રયાસો થયા છે તેને દર્શાવવાની કોશિશ કરવામાં આવી છે.

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર દ્વારા સ્ત્રી સશક્તિકરણ ના જે પ્રયાસો થયા છે તેને જાણકારી આપવા માટે અને એ સમયની સ્ત્રીઓની કરુણાજનક સ્થિતિ સુધારવા માટેના પ્રયત્નો છે એની વર્તમાન સમયમાં જાણવાની ખૂબ જરૂર છે.

- **ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ**

પ્રાચીન ભારતીય સમાજમાં સ્ત્રીઓને સન્માનિય સ્થાન આપવામાં આવતું હતું સિંધુ સભ્યતામાં તો માતૃદેવીની પૂજા થતી હતી તે જ વાત સાબિત કરે છે કે સ્ત્રીઓની સ્થિતિ કેટલી સન્માન જનક હતી. પૂર્વ વૈદિક યુગમાં સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું હતું અને સ્ત્રીઓ વેદોનું અધ્યયન કરતી હતી તેમજ શાસ્ત્રાર્થ પણ કરતી હતી લોપા અને મુદ્રા એના ઉદાહરણ છે.

ત્યારબાદ ક્રમશઃ ભારતીય સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ દુઃખદ અને કરુણા જનક બનવા લાગી હતી તેમાંય મુસ્લિમ યુગથી સ્ત્રીઓની સ્થિતિ અત્યંત દયા જનક બની ગઈ હતી પરદા પ્રથા બાલવિવાહ જેવા દૂષણોએ સારો કર્યો હતો આ ઉપરાંત સ્ત્રીઓને શિક્ષણથી પણ વંચિત કરવામાં આવી હતી.

18 મી સદીમાં ભારતીય ઇતિહાસમાં પતનની સદી પણ ગણી શકાય કારણ કે તે સમયના ભારતના જુદા જુદા રજવાડાઓના શાસકો સત્તા માટે આપસી સંઘર્ષમાં વ્યસ્ત હતા. અને તેનો લાભ એ સમયે દેશમાં આવેલી જુદી જુદી યુરોપિયનપ્રજાએ લીધો હતો. અને આ કંપનીઓએ ભારતમાં એ સમયે આર્થિક સત્તાની સાથે રાજકીય સત્તાની પણ સ્થાપના કરી હતી.

ભારત ઉપર રાજનીતિક સત્તા સ્થાપીત કરવામાં સફળતા પ્રાપ્ત કરી હતી અને ત્યાર પછી બ્રિટિશ સરકારે ભારત ઉપર પ્રભુત્વસ્થાપિત કર્યું હતું અને ભારતીય પ્રજા ગુલામીની જંજીરમાં જકડાઈ ગઈ હતી આ સમય દરમિયાન ભારતીય સ્ત્રીઓની સ્થિતિ વધુ દયનીય બની હતી.

ગુલામીની જંજીરોમાં જકડાયેલો ભારત દેશ આર્થિક રીતે તો કંગાળ બન્યો જ હતો. તેમજ શિક્ષણ અને સાહિત્યનો પણ વિકાસ અટકી ગયો હતો પણ મુઠ્ઠીભર ભારતીયો કે જે અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરવામાં સફળ થયા હતા અને યુરોપિયન ઉદાર મતવાદી વિચારોથી પ્રભાવિત થયા હતા જેમાં રાજા રામમોહનરાય સૌથી મોખરે ગણી શકાય તેમણે ભારતીય સમાજ જીવનમાં સુધારણા પ્રવૃત્તિઓ ઉપરાંત સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના પ્રયત્નો કર્યા હતા. જેમાં ક્રમશઃ અન્ય લોકો જેવા કે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જ્યોતિબા ફુલે રમાભાઇ અને ન્યાયમૂર્તિ રાનડે જોડાયા હતા. અને ભારતીય સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્ત થાય એ માટેના પ્રયાસો શરૂ કર્યા હતા.

- **સ્ત્રી સશક્તિકરણ ના વિચારો અને ડો.બાબાસાહેબ**

બાબાસાહેબ નો જન્મ 14 એપ્રિલ 1891 ના રોજ મહાર જ્ઞાતિમાં થયો હતો. તેના પિતાનું નામ રામજસ માલોજી સકપાલ હતું. તેઓ સુબેદાર હતા તેના માતાનું નામ ભીમાભાઇ હતું બાબા સાહેબ છ વર્ષના હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થયું હતું આથી તેમનો ઉછેર તેમના પિતાજીએ કર્યો હતો. નાનપણથી જ બાબાસાહેબ ભણવામાં તેજસ્વી હતા તેમના શિક્ષકોની મદદથી તેમને વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ હતી અને વધુ અભ્યાસ માટે વિદેશ ગયા હતા.

નાનપણથી જ તેમને જાતિવાદનો કડવો અનુભવ થયો હતો અને એટલે જ તેમણે નિર્ણય કર્યો હતો કે સમાજ સુધારણા કરીને ભારત દેશના શોષિતો અને પીડિતોની સ્થિતિ સુધારીશ. વિદેશ માં અભ્યાસ દરમિયાન જ ત્યાંના ઉદારમતવાદી વાતાવરણ થી પરીચિત થયાં હતાં. વિદેશ માં અભ્યાસ દરમિયાન જ ત્યાંના ઉદારમતવાદી વાતાવરણ થી પરીચિત થયાં હતાં. ભારત પરત આવી ને અસ્પૃશ્યો તથા સ્ત્રીઓની દયાજનક સ્થિતિ સામે અવાજ ઉઠાવ્યો હતો. તેઓએ અંગ્રેજોને પણ પીળીટોની સ્થિતિ સુધારવા માટે કાયદા બનાવવા મજબૂર કર્યા હતા. જેમ ગાંધીજીની ચળવળોમાં સ્ત્રીઓને મહત્વની ભૂમિકાઓ સોંપવામાં આવી હતી તેમ ડોક્ટર આંબેડકર દ્વારા બહાર સત્યાગ્રહમાં બહેનોને મહત્વનું સ્થાન અપાવ્યું હતું.

- **સ્ત્રી સશક્તિકરણ ના પ્રયાસો**

ડોક્ટર બાબા સાહેબ એ ભારતીય સમાજ જીવનમાં મસાલચીની ભૂમિકા ભજવી હતી અને સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે કાનૂની પગલાઓ લીધા હતા. આઝાદી પછી ભારતીય બંધારણની ઘડતર પ્રક્રિયાઓમાં ડોક્ટર બાબા સાહેબની મહત્વની ભૂમિકા છે. તેઓ ભારતીય બંધારણના ઘડતર સમિતિના અધ્યક્ષ હતા. બંધારણ કરતી સમિતિના અધ્યક્ષના નાતે તેણે ખેડૂતોને તેમના હકો આપવા માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. બંધારણમાં કલમ બંધારણમાં કલમ 14-15 અન્વયે લિંગભેદ નષ્ટ કરી “સ્ત્રી મુક્તિ” નો મહિમા સાર્થક કર્યો હતો. તેમ જ સ્ત્રીઓને સમાન અધિકારો બંધારણના પ્રાપ્ત થયા તેવા પ્રયાસો કર્યા હતા.

આ ઉપરાંત ભારતીય સ્ત્રીઓને દયા જનક સ્થિતિમાંથી મુક્ત કરવા માટે ડોક્ટર બાબા સાહેબ આંબેડકર હિન્દુ કોડ બિલ નું સર્જન કર્યું હતું. આ બિલ નવ વિભાગમાં વહેંચાયું હતું. તેમાં સાત પરિશિ ષ્ટ તેમજ 139 કલમો હતી. આ બિલ 11 એપ્રિલ 1949 ના રોજ સંસદમાં રજુ કરવામાં આવ્યું હતું. જેમાં ચાતવર્ણવ્યવસ્થા ની સમાપ્તિ, સમાજની સમાનતા, સ્ત્રીઓને વિવાહ વિચ્છેદ તેમજ કૃતિઓને પોતાની સંપત્તિનો ભાગ પડતો હિસ્સો આપીને ઉત્તરાધિકારી બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. પણ સંસદમાં આ બિલનો વિરોધ થયો હતો.તાત્કાલિક વડાપ્રધાન નેહરુએ લોકમત બિલ ની વિરુદ્ધ છે.અને ચૂંટણીમાં નુકસાન થવાના ડરે મહત્વ આપ્યું ન હતું. અમુક મહિલાઓએ એ આ બિલનો વિરોધ કર્યો હતો.અંતે વ્યથિત થઈને ડોક્ટર બાબા સાહેબે આ બિલ પાછું ખેંચી લીધું હતું. અને કાયદાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું હતું.

આમ કાયદાકીય સ્વરૂપમાં સ્ત્રી સશક્તિકરણ કરવાની શરૂઆત કરનાર ડોક્ટર બાબા સાહેબ હતા.હિન્દુ કોડ બિલ નિષ્ફળ ગયું. છતાં તેમાં મહત્વ બાબતો ચાર ભાગમાં વહેંચી અને તેને કાયદા પસાર કરવામાં આવ્યા હતા.

**(૧)હિન્દુ લગ્નનો કાયદો (ઇ.સ ૧૯૫૫)**

**(૨) હિન્દુ વારસનો કાયદો (જુન ૧૯૫૬)**

**(૩) હિન્દુ સગીર અને વાલીપાણા નો કાયદો (ઓગસ્ટ ૧૯૫૬)**

**(૪) હિન્દુ દત્તક કાયદો (ડિસેમ્બર૧૯૫૬)**

આ ચાર કાયદા પસાર કરવામાં તાત્કાલિક કાયદાપ્રધાન પાટસ્કરે મહત્વની ભૂમિકા ભજવી હતી. આમ, સ્ત્રીશક્તિકરણમાં કાનૂનીસહાય કરવામાં ડોક્ટર આંબેડકર સાહેબની મહત્વની ભૂમિકા ભજવી હતી.

- **સારાંશ:-**

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સમગ્ર વિશ્વમાં ભારતીય બંધારણના ઘડવૈયા તથા દલિત મુક્તિદાતા તરીકે પ્રખ્યાત છે. આ ઉપરાંત તેમણે સામાજિક સુધારણા ની ભૂમિકાણ ભજવી હતી. તેમણે બંધારણીય રીતે લોકોના ખરા અર્થમાં લોકતંત્રનો અનુભવ કરી અને સ્ત્રીઓને સમાનતાના હકો આપી તેમના અસ્તિત્વને ટકાવી રાખવામાં મદદ થયા છે.

સદીઓથી સ્ત્રીઓ જે પીળા વેઠી હતી. તેની સામે અવાજ ઉઠાવવામાં મદદરૂપ થવાના બાબાસાહેબ હિમાયતી કરી હતી. રાજા મોહનરાય,જ્યોતિબા ફુલે,દયાનંદ સરસ્વતી,ગાંધીજી જેવા સમાજ સુધારો કોની રાહ ચાલીને સ્ત્રીઓની શિક્ષણ શિક્ષિત તેમજ પોતાના હકોની રક્ષા કરવા માટે પ્રેરણા આપી હતી. હિન્દુકોડબીલ ને રજૂ કરીને તેમને સ્ત્રીઓને સશક્ત બનાવવા અથાગ પ્રયાસ કર્યા હતા.

આજે ભારતીય સમાજમાં સ્ત્રીઓ સમાનરૂપે પોતાનો અધિકાર ભોગવી રહી છે.તેના ડોક્ટર બાબા સાહેબ જેવા વિચારશીલ નેતાઓના ફાળો એટલો જ મહત્વનો છે. આજ એના જન્મદિવસ એ સ્ત્રીઓને હક આપવા બદલ તેમને વંદન કરી ને વીરવું છું.

- **સંદર્ભ:-**

(૧) ડો.પી.જી.જ્યોતિકર - ડો. બાબા સાહેબ આંબેડકર નું જીવન ચરિત્ર

(૨) ડો. નાથાલાલ ગોહિલ- દલિત સંપદા સાહિત્ય અને સૌંદર્ય.

(૩) ડો. સુધારાની શ્રી વાસ્તવ- ભારતની મહિલાઓની વૈધાનિક સ્થિતિ.

(૪) સામાજિક ન્યાય સંદેશ- મેગેઝીન.